CMYK CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE ®
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા     પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૯૮૭૯૫૬૯૪૦૦, ફોન : ૮૭૫૮૭૫૫૫૨૨

● સંવત ૨૦૮૨ પોષ વદ -૯     રવિવાર, તા.૧૧-૦૧-૨૦૨૬     અંક : ૧૩૦ વર્ષ : ૨૩     e-mail : sauaajtak@gmail.com     કિંમત રૂા. ૨-૫૦     પાના - ૮

# પીએમ મોદી ૩ દિવસ ગુજરાત પ્રવાસે સોમનાથમાં ભવ્ય સ્વાગત

### હમીરજીસર્કલથીપગપાળાસોમનાથમંદિરેપહોંચ્યાપીએમમોદી, સોમનાથ મહાદેવના દર્શન કર્યા, 'મોદી મોદી' અને 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યું સોમનાથ મંદિર પરિસર









સોમનાથ,

વડાપ્રધાન મોદી હાલમાં ત્રણ દિવસની ગુજરાત મુલાકાતે આવ્યા છે. પીએમ મોદી રાજકોટથી સોમનાથ હેલિકોપ્ટર મારફતે પહોંચ્યા હતા, જ્યાં વડાપ્રધાન સોમનાથ હેલિપેડ ખાતે પહોંચ્યા હતા. આજથી પીએમ મોદી ૩ દિવસ ગુજરાત પ્રવાસે છે.મોદી સોમનાથમાં ઓમકાર મંત્ર જાપમાં ભાગ લીધો હતો અને પીએમ મોદી રાત્રે સોમનાથ મંદિરમાં ડ્રોન શો નિહાળ્યો હતો જે બાદ રાત્રિ રોકાણ પણ સોમનાથમાં કર્યું છે હેલિપેડ પર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ગુજરાત પોલીસ વડા, મુખ્ય સચિવ એમ.કે. રાવ, ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાય, જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજા સહિતના વરિષ્ઠ અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા પ્રધાનમંત્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સોમનાથ હેલિપેડથી પ્રધાનમંત્રીનો કાફલો સોમનાથ સર્કિટ હાઉસ તરફ રવાના થયો હતો.

પ્રધાનમંત્રી મોદી સોમનાથ સ્વાભિમાન પર્વ ૮થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી સોમનાથમાં આયોજિત થઈ રહ્યો છે અને ઓમકાર મંત્રના જાપ પણ થશે. આ પર્વ ભારતના એ અસંખ્ય નાગરિકોની સ્મૃતિમાં યાદમાં મનાવવામાં આવી રહ્યો છે, જેમણે મંદિરની રક્ષા માટે બલિદાન આપ્યા છે અને જે આવનારી પેઢીની સાંસ્કૃતિક ચેતનાને પ્રેરણા આપશે. સોમનાથ મંદિરમાં ઓમકાર મંત્રનો જાપ ન ફક્ત ધાર્મિક આસ્થા સાથે જોડાયેલું છે, પણ ભારતીય સનાતન પરંપરામાં ધ્યાન અને સાધનાની ગાઢ રહસ્યને પણ દર્શાવે છે.

વડાપ્રધાન તા. ૧૧ જાન્યુઆરીના રોજ ભગવાન સોમનાથના દર્શન-અર્ચન કરીને આ પર્વમાં સહભાગી થશે. દર્શન-અર્ચન બાદ વડાપ્રધાન સોમનાથ મંદિરની બહાર સ્થિત સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. આ ઉપરાંત તેઓ એક ભવ્ય રોડ-શો અને શૌર્ય યાત્રામાં જોડાશે તથા એક વિશાળ જનસભાને સંબોધન કરી દેશવાસીઓને સાંસ્કૃતિક એકતાનો સંદેશ આપશે.આ પર્વના મુખ્ય આકર્ષણો અંગે મંત્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, સોમનાથ સ્વાભિમાન પર્વ દરમિયાન આકાશમાં ૩૦૦૦ ડ્રોન દ્વારા સોમનાથના ઈતિહાસ અને ભવ્યતાને દર્શાવતો અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન-શો યોજાશે. તદુપરાંત, સોમનાથ મંદિર પર થયેલાં આક્રમણો દરમિયાન મંદિરની રક્ષા માટે પ્રાણ ન્યોછાવર કરનારા શૂરવીરોને સમર્પિત એક શૌર્ય યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૦૮ અશ્વો સાથેની ભવ્ય શૌર્ય યાત્રા 'શંખ સર્કલ'થી શરૂ થઈ 'હમીરજી ગોહિલ સર્કલ' સુધી નીકળશે.

# ભારતીય ગાર્મેન્ટ ઉદ્યોગ અમેરિકાના ૫૦૦% ટેરિફથી નોંધપાત્ર ખતરોનો સામનો કરી રહ્યો છે

### ૫૦% ટેરિફ પહેલાથી જ નિકાસકારોને મુશ્કેલ સ્થિતિમાં મૂકી ચૂક્યો હતો તેમને ભારે ડિસ્કાઉન્ટ ઓફર કરવા પડ્યા હતા

નવીદિલ્હી,

ભારતીય ગાર્મેન્ટ ઉદ્યોગ મોટા આંચકા માટે તૈયારી કરી રહ્યો છે. અમેરિકા તરફથી ૫૦૦% ટેરિફનો ખતરો નિકાસને જોખમમાં મૂકી રહ્યો છે. આનાથી ફેક્ટરી કામગીરી પર પણ અસર થવાની શક્યતા છે. નિકાસકારો કહે છે કે તાજેતરના અઠવાડિયામાં ખરીદદારોના વલણમાં ઝડપથી ફેરફાર થયો છે.

જો ભારત પર આવા ભારે ટેરિફ લાદવામાં આવે છે, તો તે જેકપોટ મારવા જેવું હશે. બાંગ્લાદેશને ભાવનિર્ધારણ અને સ્પર્ધાત્મકતાના મોરચે સીધો ફાયદો થશે. કોટન ટેક્સટાઈલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન વિજય અગ્રવાલે જણાવ્યું હતું કે, "જે ખરીદદારો પહેલા કેટલાક ઓર્ડર ભારતમાં ખસેડવાનું વિચારી રહ્યા હતા તેઓ હવે આવવા માંગતા નથી. તેમણે અમને લખવાનું શરૂ કર્યું છે, પૂછવાનું શરૂ કર્યું છે કે જો આ ૫૦૦% ટેરિફ લાદવામાં આવે તો શું થશે, તેની ગેરંટી કોણ આપશે?" આ ચિંતા એવા સમયે આવી છે જ્યારે ઉદ્યોગ હજુ સુધી ગયા ઓગસ્ટમાં યુએસ દ્વારા લાદવામાં આવેલા ૫૦% ટેરિફમાંથી સંપૂર્ણપણે બહાર આવ્યો નથી.

૫૦% ટેરિફ પહેલાથી જ નિકાસકારોને મુશ્કેલ સ્થિતિમાં મૂકી ચૂક્યો હતો. તેમને ભારે ડિસ્કાઉન્ટ ઓફર કરવા પડ્યા હતા, સ્થાનિક બ્રાન્ડ્સ માટે નિષ્ક્રિય ક્ષમતાનો ઉપયોગ કરવો પડ્યો હતો અને વિદેશી ઓર્ડર પડોશી દેશોમાં વાળવા પડ્યા હતા. બુધવારે આ અનિશ્ચિતતા વધુ વધી ગઈ જ્યારે યુએસ સેનેટર લિન્ડસે ગ્રેહામે જાહેરાત કરી કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા સાથે વેપાર ચાલુ રાખતા દેશો પર ૫૦૦% ટેરિફ લાદવાના બિલને મંજૂરી આપી છે.

૫૦૦% ટેરિફના પરિણામે બાંગ્લાદેશ લોટરી જીતશે. ભારતીય વસ્ત્રો અમેરિકન ખરીદદારો માટે અચાનક વધુ મોંઘા થઈ જશે. આનાથી ભાવ અને સ્પર્ધાત્મક મોરચે બાંગ્લાદેશને સીધો ફાયદો થશે. ગાર્મેન્ટ ક્ષેત્ર ખૂબ જ ઓછા માર્જિન પર કાર્ય કરે છે. પરિણામે, અમેરિકન રિટેલર્સ ભારતના વિકલ્પ તરીકે બાંગ્લાદેશ તરફ વળશે. ત્યાં મજૂરી ખર્ચ પહેલાથી જ ઓછો છે અને કોઈ ટેરિફ બોજ રહેશે નહીં. આ પરિસ્થિતિ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સને ભારતમાંથી બાંગ્લાદેશમાં તેમની સપ્લાય ચેઈન ખસેડવાની ફરજ પાડશે. આ બાંગ્લાદેશી નિકાસકારોને ભારતના વૈશ્વિક બજાર હિસ્સા પર કબજો મેળવવાની ઐતિહાસિક તક પૂરી પાડશે.

અમેરિકા વસ્ત્રો અને કાપડ માટે ભારતનું સૌથી મોટું બજાર છે. ભારતની કુલ નિકાસના ૨૮-૩૦% યુએસમાં જાય છે. ૨૦૨૪-૨૫માં, ભારતે ઈ૩૭ બિલિયન મૂલ્યના વસ્ત્રો અને કાપડની નિકાસ કરી હતી. ૫૦% ટેરિફ લાદવામાં આવ્યા પછી, આ ક્ષેત્ર સ્થિર થવા માટે સંઘર્ષ કરી રહ્યું છે.

ભારતીય કાપડ ઉદ્યોગ સંઘના ડેટા અનુસાર, એપ્રિલ અને નવેમ્બર ૨૦૨૫ દરમિયાન, વસ્ત્રોની નિકાસમાં માત્ર ૨.૨૮% નો વધારો થયો છે, જ્યારે કાપડની નિકાસમાં ૨.૨૭% નો ઘટાડો થયો છે. આ જોખમો હોવા છતાં, ઉત્પાદકો કહે છે કે ઉત્પાદન બંધ કરવું એ કોઈ વિકલ્પ નથી. અગ્રવાલે કહ્યું, "યુએસ ટેરિફ અંગેની પરિસ્થિતિ હજુ પણ ખૂબ જ અનિશ્ચિત છે. પરંતુ, આપણે માલનું ઉત્પાદન કરવું પડશે." આપણે આ જોખમ લેવું પડશે.

## ગુજરાતમાં જાન્યુઆરી મહિનાની શરૂઆતથી જ ઠંડીએ જોર પકડ્યું

અમદાવાદ,

ગુજરાતના જાણીતા હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગામી દિવસો માટે રાજ્યના હવામાનને લઈને મહત્વની આગાહી કરી છે. તેમણે ઉત્તરાયણના પર્વથી લઈને આગામી ચોમાસા સુધીની સ્થિતિ પર આગાહી કરી છે. ગુજરાતમાં જાન્યુઆરી મહિનાની શરૂઆતથી જ ઠંડીએ જોર પકડ્યું છે. ઉત્તર ભારત તરફથી ફૂંકાતા બરફીલા પવનોને કારણે સમગ્ર રાજ્યમાં લઘુત્તમ તાપમાન ગગડ્યું છે. આગામી બે દિવસ એટલે કે ૧૦ અને ૧૧ જાન્યુઆરી દરમિયાન રાજ્યમાં ઠંડીનું જોર યથાવત રહેશે.

પતંગ રસિયાઓ માટે સારા સમાચાર આપતા અંબાલાલ પટેલે જણાવ્યું છે કે આ વખતે ઉત્તરાયણ પર્વ આનંદદાયક રહેશે. ૧૪ અને ૧૫ જાન્યુઆરીના રોજ સવારે પવનની ગતિ ૫ થી ૬ કિમી પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. દિવસ દરમિયાન પવનની ગતિમાં વધારો થશે અને ૧૦ થી ૧૫ કિમીની ઝડપે આંચકાના પવન ફૂંકાઈ શકે છે. બપોર પછી પણ પવનની ગતિમાં સતત વધ-ઘટ જોવા મળશે, જે પતંગબાજી માટે અનુકૂળ રહી શકે છે.અંબાલાલ પટેલે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું છે કે આ વર્ષે પશ્ચિમી વિક્ષેપ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) નબળા પડી રહ્યા છે. પશ્ચિમી વિક્ષેપો બરોબર ન આવવાને કારણે હિમાલયમાં જોઈએ તેવો બરફ જામી રહ્યો નથી. આની સીધી અસર ઉનાળામાં જોવા મળશે, જ્યાં નદીઓમાં પાણીનો પ્રવાહ ઓછો રહેવાની શક્યતા છે.

## અયોધ્યાના રામ મંદિરમાં નમાજ પઢવાનો પ્રયાસ કરતા યુવતી સહીત 3 ઝડપાયા

### ૨ યુવક-૧ યુવતીએ પોતાને કાશ્મીરી ગણાવ્યાં, સુરક્ષાકર્મીએ પકડી પાડ્યાં, ત્રણેય શંકાસ્પદ વર્તન કરી રહ્યાં હતાં

અયોધ્યા,

અયોધ્યામાં રામ જન્મભૂમિ સંકુલમાં ત્રણ લોકો ઘૂસી ગયાં અને નમાજ પઢવાનો પ્રયાસ કર્યો. સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક તેમને રોક્યાં અને તેમની અટકાયત કરી. પકડાયેલાં બે યુવકો અને એક યુવતીએ પોતાની ઓળખ કાશ્મીરના રહેવાસી તરીકે આપી. હજુ સુધી કોઈએ પુષ્ટિ કરી નથી કે આરોપીઓ કોણ છે અથવા તેઓ ક્યાંનાં છે.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ત્રણેય શંકાસ્પદ વર્તન કરી રહ્યાં હતાં. પૂછપરછ કરવામાં આવી રહી છે કે તેઓ અયોધ્યા કેમ આવ્યાં હતાં.

ત્રણેય યુવક અને યુવતી રામ મંદિરના ગેટ ડ્ઢ૧થી પ્રવેશ્યાં. ત્યાર બાદ યુવક સીતા રસોઈ પાસે નમાજ પઢવા બેઠો. પોલીસે તેને આમ કરતાં જોતાં જ તેની અટકાયત કરી લીધી. તે યુવકે કાશ્મીરી પોશાક પહેર્યો હતો. એક પુરુષની ઓળખ કાશ્મીરના શોપિયાના રહેવાસી અબુ અહેમદ શેખ તરીકે થઈ છે.

## બંગાળની ખાડીમાં તૈયાર થનાર નેવી બેઝ ઉપર યુદ્ધ જહાજો તૈનાત કરાશે

### કોઈપણ ખરાબ પરિસ્થિતિનો સામનો કરવા માટે ભારતીય સેના અને નૌસેના પૂરી રીતે તૈયાર, ભારે ઉથલપાથલ વચ્ચે બંગાળની ખાડીમાં ભારત દબદબો વધારશે



પશ્ચિમ બંગાળ,

છેલ્લા કેટલાક વર્ષથી ભારતને તેના પાડોશીઓ સાથે સંબંધ ઘટ્યાં છે. જેમાં પાકિસ્તાન સાથે તો તણાવ વર્ષો જૂનો છે. જ્યારે ચીન અને બાંગ્લાદેશ જેવા દેશમાં પણ સંબંધ વધુ ખરાબ થઈ રહ્યા છે. તેવામાં કોઈપણ ખરાબ પરિસ્થિતિનો સામનો કરવા માટે ભારતીય સેના અને નૌસેના પૂરી રીતે તૈયાર રહે છે. આમ, વિશ્વમાં ભારે ઉથલપાથલ વચ્ચે બંગાળની ખાડીમાં ભારત દબદબો વધારશે. જેમાં ઈન્ડિયન નેવી બંગાળના હલ્દિયામાં બંગાળની ખાડીમાં નવો બેઝ તૈયાર કરવા જઈ રહી છે, જેનાથી ચીન અને બાંગ્લાદેશ માટે આફત ઉભી થઈ છે. ત્યારે ચીન-બાંગ્લાદેશની તેના પર નજર રહેશે. બંગાળની ખાડીમાં તૈયાર થનારા નેવી બેઝ પર યુદ્ધ જહાજો તૈનાત કરવામાં આવશે. આ બેઝ દ્વારા ભારત કોઈપણ સમયે ચીન અને બાંગ્લાદેશની હરકતોનો ઝડબાતોડ જવાબ આપી શકશે. આનાથી નૌસેનાની તાકાતમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે.મળતી માહિતી મુજબે, હલ્દિયા ડૉક કોમ્પ્લેક્સનો ઉપયોગ શરૂઆતમાં નેવી બેઝ તરીકે કરવામાં આવશે. ફાસ્ટ ઈન્ટરસેપ્ટર ક્રાફ્ટ અને નવા ૩૦૦-ટન વોટર જેટ ફાસ્ટ એટેક ક્રાફ્ટને અહીં તૈનાત કરવામાં આવશે. આ હાઈ-સ્પીડ એટેક ક્રાફ્ટ છે, જે પ્રતિ કલાક ૪૦-૪૫ કલાક પ્રતિ નોટિકલ માઈલની ઝડપે દોડવા સક્ષમ છે. તેનો ઉપયોગ દુશ્મન દળો દ્વારા અચાનક દરિયાઈ પ્રવૃત્તિઓનો સામનો કરવા માટે થઈ શકે છે.

આ બેઝ પર ઈન્ડિયન નેવી ઉચ્ચ અધિકારીઓને તૈનાત કરશે. જેમાં નાવિક સહિત ૧૦૦ અધિકારી તૈનાત કરાશે, પરંતુ આના પર તમામ સુવિધા મોર્ડન થશે. જે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાથી લગભગ ૧૦૦ કિલોમીટરના અંતરે બનાવવામાં આવશે.હાલના ધોરણે દેશભરમાં અનેક જગ્યાએ ઈન્ડિયન નેવીના બેઝ છે. જેમાં મુખ્ય બેઝ મુંબઈ, ગોવા, કારવાર, કોચ્ચિ, ચેન્નાઈ, વિશાખાપટ્ટનમ, કોલેકાતા અને પોર્ટ બ્લેયરમાં છે.

## સુરતના તાપી રિવરફ્રન્ટ પર આંતરાષ્ટીય પતંગ મહોત્સવમાં ૯૪ પતંગબાજોએ રંગબેરંગી પતંગો ઉડાવ્યા







સુરત,

સુરતના તાપી રિવરફ્રન્ટ પર આજે રેશમી દોરીના તાંતણે સાત સમંદર પારથી આવેલા મહેમાનોના સપનાઓ ઉડાન ભરી રહ્યા છે. ઢોલ-નગારાના તાલે ઝૂમતા વિદેશી પતંગબાજો અને આકાશમાં લહેરાતા રંગબેરંગી પતંગોએ સાબિત કરી દીધું છે કે, ભલે ભાષા અલગ હોય પણ 'પેચ' લડાવવાનો આનંદ તો એક જ છે. અડાજણ રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વહેલી સવારથી જ સુરતનું આકાશ વિવિધ આકાર અને રંગોના પતંગોથી છવાઈ ગયું હતું, જેણે નગરજનોમાં ભારે ઉત્સાહ જગાડ્યો છે.

રાજ્ય પ્રવાસન વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ મહોત્સવમાં આ વર્ષે ૯૪ પતંગબાજો પોતાની કલાનું પ્રદર્શન કરી રહ્યા છે. જેમાં બહેરીન, કોલંબિયા, ફ્રાન્સ, જર્મની અને પોલેન્ડ જેવા દેશોનાં ૪૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજોએ આકર્ષણ જમાવ્યું છે. આ ઉપરાંત ભારતના વિવિધ રાજ્યોના ૨૦ અને ગુજરાતના ૨૯ પતંગબાજો પણ પોતાની વિશિષ્ટ પતંગો સાથે મેદાનમાં ઉતર્યા છે.

કોલંબિયાથી આવેલી એડ્રિયાનાએ જણાવ્યું હતું કે, અમને ગુજરાત ટુરિઝમ દ્વારા આમંત્રિત કરવામાં આવ્યા છે અને તેઓ જ અમારો તમામ ખર્ચ ઉઠાવે છે.

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટીસ નં. ૪૫ વર્ષ ૨૦૨૫-૨૬ તા.૦૯/૦૧/૨૦૨૬

**ગેટ લોન્જ ની સુધારણાના સંબંધમાં ડ્યૂટી બંક, રોડ સપાટી અને અન્ય સંપત્તિઓનું સમારકામ**

ઈ-ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-૨૦૨૫-૨૬-E-૯૪

**કામનું નામ :** રાજકોટ ડિવિઝન :- વાંકાનેર-નવલખી અને દહિંસરા-માળીયા મિયાણા સેક્શનમાં ગેટ લોન્જ ની સુધારણા સંબંધમાં ડ્યૂટી બંક, રોડ સપાટી અને અન્ય સંપત્તિઓનું સમારકામ.

**NITની અંદાજીત પડતર:** ₹ ૧,૯૯,૫૩,૪૬૬.૦૬

**અર્નેસ્ટમની:** ₹ ૨,૪૯,૮૦૦.૦૦

**ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** ૦૨-૦૨-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે.

**ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. **વેબસાઈટ:** www.ireps.gov.in

RJT-185

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

CMYK CMYK